હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ગટર, પાણી, રોડ, બેકારી એ બધુ અમે મેનેજ કરી લઈશુ, તમે કોરોના નહી થાય તેની ખાતરી આપો એટલે અમારા વોટ તમારા જ....!!

જિલ્લામાં ત્રણ તાલુકા પંચાયતની ૮૦ બેઠકો માટે ૧૮૯ ઉમેદવારો

દહેગામમાં ૬૧, માણસામાં ૭૦, કલોલમાં ૫૮ ઉમેદવારો : ઉમેદવારીપત્ર આજે બપોરના 3 સુધીમાં પાછુ ખેંચી શકાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાની ત્રણ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે આજે ઉમેદવારીપત્રોની ચકાસણીને અંતે ૧૮૯ ઉમેદવારીપત્રો માન્ય રહ્યા હતા.

આજે ઉમેદવારીપત્રોની ચકાસણી ચૂંટણી અધિકારીઓની કચેરી ખાતે આરંભાઈ હતી. ૩૩૯ ઉમેદવારીપત્રો આ ચૂંટણી જંગ માટે ભરવામાં આવ્યા હતા. જેમાં સૌથી વધુ માણસામાં ૧૩૩, કલોલમાં ૧૦૮ અને દહેગામમાં ૯૬ ઉમેદવારીપત્રો ભરાયા હતા.

ત્રણ તાલુકા પંચાયતની ૮૦ બેઠકો માટેની ચકાસણી આજે સાંજના ૪ વાગ્યા સુધી ચાલી હતી. ચકાસણીને અંતે કલોલમાં ૫૮ ઉમેદવારોના ઉમેદવારીપત્ર માન્ય રહ્યા હતા જ્યારે ૫૧ ઉમેદવારોના ઉમેદવારીપત્રો અમાન્ય ઠર્યા હતા.

માણસા તાલુકામાં આજે ચકાસણી દરમ્યાન ૭૦ ઉમેદવારીપત્રો માન્ય રહ્યા હતા જ્યારે ૬૪ ઉમેદવારીપત્રો અમાન્ય ઠર્યા હતા.

દહેગામ તાલુકા પંચાયત માટે ૯૬ ઉમેદવારીપત્રો ભરાયા હતા જેમાં ૬૧ ઉમેદવારીપત્રો માન્ય રહ્યા હતા જ્યારે ૩૫ ઉમેદવારીપત્રો અમાન્ય જાહેર કરાયા હતા.

તાલુકા પંચાયતના ચૂંટણી જંગમાં કેટલીક બેઠકો પર અપક્ષો અને અન્ય પક્ષોના ઉમેદવારોની ઉમેદવારી રંગ જમાવશે તેવુ લાગે છે જો કે ખરી લડાઈ ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ રહેશે તેવુ રાજકીય વર્તુળોનું માનવુ છે.

મંગળવારે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો સમય બપોરના ૩ વાગ્યા સુધીનો છે અને આ પછી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. બુધવારથી જ આ ચૂંટણીના પ્રચાર અભિયાનનો પ્રારંભ થઈ જશે.

તાલુકા અને જિલ્લા પંચાયતોની એક સાથે ચૂંટણી યોજાઈ રહી હોવાથી ગ્રામીણ વિસ્તારોમાં ગ્રૂપ બેઠકોનો સિલસિલો શરૂ થઈ ગયો છે પણ જાહેર પ્રચાર અભિયાન ગુરૂવારથી શરૂ થશે તેમ મનાઈ રહ્યુ છે.

દહેગામ-કલોલ નગરપાલિકાની તેમજ માણસાની પેટા-ચૂંટણીના ઉમેદવારીપત્રોની ચકાસણી સંપન્ન

દહેગામમાં ૨૮ બેઠક માટે ૬૯ તો કલોલની ૪૪ બેઠક માટે ૧૨૫ અને માણસાની પેટા-ચૂંટણીમાં ૪ ઉમેદવારોના ઉમેદવારીપત્રો માન્ય

ગાંધીનગર જિલ્લામાં કલોલ-દહેગામ નગરપાલિકા તથા માણસા નગરપાલિકાની એક બેઠકની પેટા-ચૂંટણી પણ યોજાવાની છે. આજે ઉમેદવારીપત્રોની ચકાસણીને અંતે આ નગરપાલિકાઓની ૭૩ બેઠકો માટે ૧૯૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

આ નગરપાલિકાની ચૂંટણીમાં કલોલમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તેના પ્રવેશની હાજરી નોંધાવી છે. કલોલ નગરપાલિકાની ૪૪ બેઠકો માટે આજે ઉમેદવારીપત્રોની ચકાસણીને અંતે ૧૨૫ ઉમેદવારો મેદાનમાં છે.

દહેગામ નગરપાલિકાની ૨૮ બેઠકો માટે ૬૯ ઉમેદવારો મેદાનમાં છે જ્યારે માણસા નગરપાલિકાની એક બેઠક માટેની પેટા-ચૂંટણીમાં ૪ ઉમેદવારો મેદાનમાં છે.

નગરપાલિકાની ચૂંટણીમાં બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો ઉપરાંત અપક્ષ ઉમેદવારો તેમજ આમ આદમી પાર્ટીના ઉમેદવારો પણ હોવાથી ચૂંટણી રસાકસીભરી બનશે. આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ હોઈ મોડી સાંજે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

ખૂણેખાંચરેથી

- અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણી માટે ગાંધીનગરમાંથી સચિવાલય અને બેંકિંગ ક્ષેત્રના કર્મયોગીઓને ફરજ સોંપાતા બન્ને ક્ષેત્રમાં તેની અસરો જોવા મળી રહી છે.
- ૧૭, ૧૮, ૧૯ ફેબ્રુઆરીના રોજ વર્ગ-૪ માંથી વર્ગ-૩ માં પ્રમોશન મેળવનાર કર્મયોગીઓની ખાતાકીય પરીક્ષાનું આયોજન કરાયુ છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે એક સરખા કોરોનાના કેસો નોંધાયા છે.
- રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી કોરોનાથી સંક્રમિત થયાના અહેવાલો પછી સચિવાલયમાં આજે સન્નાટો વ્યાપેલો જોવા મળ્યો હતો.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં ત્રણ તા.પં. અને બે નગરપાલિકાની ચૂંટણીમાં કામગીરી પ્રમાણમાં થોડીક ધીમી જોવા મળી હતી.
- ગાંધીનગર જિલ્લામાં ઠંડીનું પ્રમાણ ધીમી ગતિએ ઘટી રહ્યુ છે પણ જાણકારોના મત મુજબ ઠંડીનો હજુ એકાદ રાઉન્ડ આવશે.
- ઉમેદવારી પત્રોની વૈતરણી પાર કર્યા પછી જિલ્લાના રાજકારણમાં આયારામ-ગયારામની રાજનીતિ જોવા મળી રહી છે.

રાજ્યમાં ફરી માવઠું પડશે

હાલમાં ગાંધીનગર ઉપરાંત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ઠંડીનો પ્રકોપ ઓછો થઈ ગયો છે અને ઉનાળાનુ આગમનના એંધાણ વર્તાઈ રહ્યાં છે ત્યારે ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે આગામી દિવસોમાં રાજ્યના ઘણા સ્થળોએ કમોસમી વરસાદ પડશે તેવી આગાહી કરી છે. અંબારામ દા. પટેલે વધુમાં જણાવ્યુ છે કે આગામી તા. ૧૬ થી ૨૦ દરમ્યાન રાજ્યના વાતાવરણમાં પલ્ટો આવી શકે છે. ૨૦મી તારીખ સુધીમાં પૂર્વીય પવનોના કારણે મધ્યપ્રદેશમાં માવઠા જેવુ વાતાવરણ સર્જાશે જ્યારે દેશના પશ્ચિમ કાંઠે અરબી સમુદ્ર તરફથી ૨૧મી સુધી ભેજવાળા પવનો ગુજરાતના ઘણા પ્રદેશોમાં માવઠાની શક્યતા દર્શાવે છે. ભેજવાળા પવનોના કારણે સંઘ, સાપુતારા, વલસાડ, તાપી, સાબરકાંઠા અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં માવઠાની આગાહી છે. આ ઉપરાંત અરવલ્લી, સૌરાષ્ટ્ર, સાબરકાંઠામાં વાદળછાયુ વાતાવરણ રહેશે. હજુ ચારેક દિવસ ગુજરાતમાં ઠંડી અને માવઠાની શક્યતા છે.

મતદાન જાગૃતિ અંતર્ગત ચિલોડા ગામે ઈવીએમ નિદર્શન તથા ગ્રામજનોએ મતદાન કરવાના સામુહિક શપથ લીધા

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયત સહિત કલોલ, દહેગામ, માણસા તાલુકા પંચાયત અને કલોલ તથા દહેગામ નગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં સામાન્ય ચૂંટણી તા. ૨૮મી ફેબ્રુઆરી યોજાનાર છે. ત્યારે ચૂંટણીતંત્ર દ્વારા વધુમાં વધુ સારૂ મતદાન અને લોકશાહીનો વિજય હાંસલ થાય, મતદારોમાં મતદાન પ્રત્યે વધુ જાગૃતિ આવે તે માટે ઈવીએમ નિદર્શન કાર્યક્રમ ચિલોડા મોટા-ગ્રામપંચાયતની કચેરી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સહી ઝુંબેશ અને સામુહિક શપથ લેવડાવવામાં આવ્યા હતાં. ગ્રામજનોએ પ્રત્યક્ષ ઈવીએમ નિદર્શનમાં કન્ટ્રોલ યુનિટ અને બેલેટ યુનિટની સમજૂતિ મેળવી હતી. આ કાર્યક્રમમાં ગામના સરપંચ અને સભ્યો, પ્રાથમિક શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુરૂવારે ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની મીટીંગ યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના મંત્રી રમણલાલ શ્રીમાળી જણાવે છે કે કોરોના વાયરસની મહામારી તથા લોકડાઉનને કારણે લાંબા સમયથી સંસ્થાની બેઠક મળી શકી નથી તેમજ કાર્યક્રમો યોજાયા નથી અને હાલના સંજોગોમાં કોરોના બિમારીની હળવાશ થવાથી સંસ્થા દ્વારા આવનાર કાર્યક્રમો અને અન્ય બાબતોની ચર્ચા વિચારણા કરવા માટે કાર્યવાહક સમિતિની બેઠક સરકારની ગાઈડલાઈન મુજબ તા. ૧૮ ફેબ્રુઆરીના રોજ પ્રમુખ એસ.ડી. આર. મલિકના અધ્યક્ષ સ્થાને સવારે ૧૧ વાગ્યે મહાદેવ મંદિર પરિસર સે-૧ ખાતે યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પદાધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોને સંસ્થા દ્વારા જણાવાયું છે.

પેજ સમિતિના લીધે શહેર ભાજપનુ સંગઠન મજબુત : રૂચિર ભટ્ટ

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર શહેર ભાજપ દ્વારા પ્રત્યેક વોર્ડમાં પેજ સમિતિની રચના કરવામાં આવી છે. કાર્યકર્તાઓ પણ પેજ સમિતિની રચનાની કામગીરી ઉત્સાહ પુર્વક કરી રહ્યા છે. જયારે મહાનગર ભાજપના વોર્ડ નં -૧ના પ્રત્યેક બુથમાં કાર્યકર્તાઓની મહેનતના અંતે પેજસમિતિની રચના કરી દેવામાં આવી છે. આ અન્વયે સે-૨૮ માં યોજાયેલી બેઠક દરમિયાન ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટને પેજસમિતિની ફાઈલો પણ આગેવાનો તેમજ કાર્યકરોએ સુપ્રત કરી દીધી છે. જયારે ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટે વોર્ડ નં -૧ ના કાર્યકરોની કામગીરીને બિરદાવી છે. આ તબક્કે તેમણે કાર્યકરોનો જુસ્સો વધારતા જણાંવ્યુ હતુ કે ચુંટણીમાં આપણને ચોક્કસ સારુ પરિણામ મળવાનુ છે. તેમણે કાર્યકરો સાથે વિવિધ મુદ્દે પરામર્શ પણ કરી હતી. આ કાર્યક્રમમાં મહાનગર ભાજપના મહામંત્રી કનુભાઈ દેસાઈ, પેજ સમિતિના ઈન્ચાર્જ ઉરેન પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા , ગૌરાંગભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ગોરાંગ વ્યાસ, વોર્ડ પ્રમુખ ઉમેશ જહા, વોર્ડના પ્રભારી મહિપતભાઈ મિસ્ત્રી, સહીત કોર્પોરેટરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૨૨ લાભાર્થીને વિવિધ વસ્તુનુ વિતરણ

ગાંધીનગર, તા. ૧૫

જાભોચિતરીયામાં પાંચ ગામોના ૧૦૩ લાભાર્થીને ચોખાનુ વિતરણ કરવામાં આવ્યુ. શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અમાવસ્યાના દિવસે અણસોલ તા. ભીલોડામાં ૧૯ લાભાર્થીને એલઈડી બલ્બ, ગોળ અને મગદાળ ૧ કિ.ગ્રા., ચા, ખીચડી મીક્સ, નમકીન, બિસ્કીટ તથા અન્ય વસ્તુ આપી હતી.

દહેગામ તાલુકાના ચાર માર્ગોનુ સાત વર્ષના અંતે રીસરફેસીંગ હાથ ધરાશે

દહેગામ નાંદોલ, રાયપુર કારોલી, રખિયાલને જોડતા માર્ગોના રીસરફેસીંગ પાછળ રૂ ૧૪ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં ગટર લાઈન નવી નાંખવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જયારે આ ટેન્ડર પ્રક્રીયાના અંતે એજન્સીઓ કક્ષાએથી શરતોનુ પાલન ન થતા આખરે આ પ્રોજેકટ સંદર્ભે રીટેન્ડરીંગ કરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈન બદલવા માટે સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે કામગીરી હાથ ધરવામાં આવનાર છે. ત્યારે નવી લાઈન નાંખવા માટે હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રીયા પણ ટુંકમાં હાથ ધરવામાં આવશે. જેના પાછળ અંદાજિત રૂ ૧૯૦ કરોડના ખર્ચે થશે.નવી લાઈન નાંખવાનુ કામ પણ ટુંકમાં હાથ ધરાશે.

શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈન સ્થાનિકો માટે માથાના દુખાવા રૂપ બની છે. જયારે જુની ગટર લાઈનના લીધે સેકટરોમાં વારંવાર ગટરોના દુષિત પાણી ઉભરાતા હોવાની ફરિયાદો પણ કાને અથડાય છે. રોજબરોજ સેકટરોમાં રહીશોના ઘર આંગણે ગટરોના પાણી ફરી વળતા હોવાનો રોષ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. છેલ્લા ઘણાં સમયથી સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની સાથે ગટરો ઉભરાતી હોવાની સમસ્યા સતત ઉઠતી જ રહે છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારે સેકટરની વસતી અને વિકાસ મુજબ ગટર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જયારે હાલની સ્થિતિએ આ ગટર લાઈન પર્યાપ્ત ન હોવાના લીધે નવા આયોજન મુજબ મોટા ડાયામીટરની લાઈન નાંખવા માટે આયોજન કરાયુ છે. નવી લાઈન તેમજ મેઈનહોલ બનાવાની સાથે ગટર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કાર્યયોજના અન્વયે તંત્ર દ્વારા ગટર લાઈન નવી નાંખવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ ટેન્ડર પ્રક્રીયા દરમિયાન જરૂરી શરતોનુ પાલન ન થતુ હોવાનુ સ્પષ્ટ થતા આખરે સમગ્ર યોજના અન્વયે રીટેન્ડરીંગની પ્રક્રીયા હાથ ધરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ચાર મહાનગરોમાં ૨૮મી સુધી રાતે ૧૨થી ૬નો કર્ફ્યુ

ગાંધીનગર, તા. ૧૫

કોરોનાની વિસ્ફોટક સ્થિતીના પગલે ૨૩ નવેમ્બરથી લાગુ કરવામાં આવેલા રાત્રી કર્ફ્યૂને લંબાવતા લંબાવતા સરકાર દ્વારા નવેમ્બર, ડિસેમ્બર, જાન્યુઆરી સુધી લંબાવાયો હતો. વિવિધ તહેવારોને ધ્યાનમાં રાખીને આ કર્ફ્યૂ સતત લંબાવવામાં આવી રહ્યો હતો. જો કે હવે કોરોનાના કેસ ખુબ જ કાબુમાં આવી ગયા હોવાથી કર્ફ્યૂ હટાવાય તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી હતી. પરંતુ આજે હાઈલેવલ કમિટી દ્વારા કર્ફ્યૂને ૨૮ ફેબ્રુઆરી સુધી લંબાવવાનો એટલે કે આ મહિનાના અંત સુધી રાત્રી કર્ફ્યૂ લંબાવાનો નિર્ણય લેવાયો છે.

ગુજરાતનાં ૪ મહાનગરોમાં દિવાળી અને દિવાળીની ખરીદી અને ઉજવણી બાદ બેકાબુ થયેલા કોરોનાને કાબુમાં લેવા માટે રાત્રી કર્ફ્યૂની જાહેરાત કરવામાં આવી હતી. જે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં લાગુ કરવામાં આવ્યો હતો. જે ફેબ્રુઆરીના અંત સુધી યથાવત્ત રહેશે. આ અંગે હાઈકોર્ટમાં પણ અરજી થઈ હતી. વિવિધ વેપારીઓ દ્વારા રાત્રી કર્ફ્યૂ હટાવવા માટેની માંગ કરવામાં આવી હતી. જે અંગે હાઈકોર્ટ દ્વારા સરકાર પાસે જવાબ માંગવામાં આવ્યો હતો. જેના જવાબમાં હાઈકોર્ટમાં સરકારે જણાવ્યું હતું કે, કોરોનાને કાબુમાં લેવા માટે રાત્રી કર્ફ્યૂ ખુબ જ જરૂરી છે. જેના પગલે રાત્રી કર્ફ્યૂ હટાવવો ન જોઈએ. સરકારનાં જવાબને ધ્યાને રાખીને કોર્ટ દ્વારા રાત્રી કર્ફ્યૂ અંગેની અરજીનો નિકાલ કરી દેવામાં આવ્યો હતો.

જો કે હવે જ્યારે કેસ કાબુમાં આવ્યા બાદ સરકાર દ્વારા રાત્રી કર્ફ્યૂમાં રાહત આપવામાં આવી તેવું લાગી રહ્યું હતું. કારણ કે સરકાર દ્વારા બે વખત રાત્રી કર્ફ્યૂમાં એક એક કલાકનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જે રાત્રે ૯ વાગ્યાથી શરૂ થતો હતો તે કર્ફ્યૂના સમયમાં બે વખત ઘટાડો કરીને સરકારે ૧૧ વાગ્યા સુધીનો કરી દીધો હતો. જેના પગલે હવે સરકાર રાહત આપે તેવું નિષ્ણાંતો માની રહ્યા હતા.

ધો.૧થી પના વર્ગો શરૂ કરવા સરકાર અને શિક્ષણ વિભાગની વિચારણા

કોરોનાને કારણે ૨૦૨૦ના માર્ચ મહિનાથી સરકારે સ્કૂલો અને કોલેજોમાં ઓફલાઈન શિક્ષણકાર્ય બંધ કરીને ઓનલાઈન શિક્ષણ શરુ કર્યું હતું. ત્યારે રાજયની પ્રાથમિક સ્કૂલોના વિદ્યાર્થીઓને પણ અભ્યાસથી વંચિત ના રહેવું પડે તે માટે ઓનલાઈન શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. સરકારે ૧૦ મહિનાના લાંબા ગાળા બાદ આગામી ૧૮ ફેબ્રુઆરીથી ધોરણ ૬થી૮ના વર્ગો શરુ કરી દેવાની જાહેરાત કરી છે. તેની સાથે હવે ચૂંટણી બાદ માર્ચ મહિનામાં ધોરણ ૧થીપના વર્ગો શરુ કરવા સરકાર અને શિક્ષણ વિભાગે વિચારણા શરુ કરી છે. ગુજરાતમાં કોરોનાના કેસોમાં દિવસેને દિવસે ઘટાડો થતા હવે સ્થિતિ ઘણી સામાન્યતઃ બની રહી છે.

ત્યારે સરકારે શિક્ષણને ધીર ધીરે અનલોક કરતા પ્રથમ યુજી-પીજી છેલ્લા સેમેસ્ટરની કોલેજો અને ધો.૧૦-૧૨ની સ્કૂલો શરૂ કરી હતી. ત્યારબાદ ધો.૯ અને ૧૧ની સ્કૂલો શરૂ કરી અને ત્યારબાદ પ્રથમ વર્ષની કોલેજો પણ શરૂ કરી દીધી છે. સરકારે આગળના તબક્કામાં ૧૮મીથી ધો.૬થી૮ના વર્ગો પણ શરૂ કરવાની જાહેરાત કરી દીધી છે. જો કે હાલ ચૂંટણીને લીધે શિક્ષકો કામગીરીમા રોકાયા હોવાથી સરકારે થોડો વહેલો નિર્ણય લીધો હોવાની ફરિયાદો છે.સરકારે માર્ચમાં જ ધો.૬થી૮ના વર્ગો શરૂ કરવા જોઈતા હતા તેવી માંગો છે.જો કે સરકાર હવે ચૂંટણી બાદ માર્ચમાં સ્થિતિને ધ્યાનમાં રાખી ધો.૧થીપની સ્કૂલો પણ નિયમિત રીતે શરૂ કરે તેવી શક્યતા છે.

જય બુટ ભવાની મા આનંદ ગરબા મંડળ દ્વારા સે-૪ ઓમકારેશ્વર મંદિર ખાતે પિતૃ અમાસના દિવસે દર્શનાબેન ઉપાધ્યાય દ્વારા આનંદનો ગરબો કરવામાં આવ્યો હતો. આ ગરબામાં મેયર રીટાબેન પટેલ, પ્રવિણાબેન વોરા, ધર્મિષ્ઠાબેન ચૌહાણ, જયોત્સનાબેન શ્રોફ સાથે શહેરની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

૧૪ ફેબ્રુઆરીના રોજ સાઈટ ફર્સ્ટ સમિતિના ચેરમેન સંજયભાઈ પટેલના નેતૃત્વમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હાલીસા ગામ ખાતે નેત્ર નિદાન બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નેત્ર નિદાન કેમ્પમાં કુલ ૨૧૫ જેટલાં લાભાર્થીઓની તપાસ કરવામાં આવી. ૧૪૬ ચશ્માનું રાહતદરે વિતરણ કરવામાં આવ્યું. તેમજ ૨૨ જેટલાં દર્દીઓને મોતીયાના ઓપરેશનની જરૂરીયાત જણાઈ હતી. તથા એન.સી.ડી. સેલ, જી.એમ.આ.આર.એસ., ગાંધીનગરના સહયોગથી ૨૧૫ જેટલાં દર્દીઓની બ્લડ પ્રેસર તેમજ ડાયાબીટીસની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત લાયન વૈદેહીબેન ટાટુ તરફથી માસ્ક અને સેનીટાઈઝર પૂરું પાડવામાં આવ્યું હતું. હાલીસા ગામના અગ્રણી ગાંડાભાઈ ગુર્જર તેમજ ગામના સરપંચ ભરતભાઈ રબારી દ્વારા ગામમાં પ્રચાર કરી લાભાર્થીઓને કેમ્પ સુધી પહોંચાડવામાં તેમજ કેમ્પમાં ઉપસ્થિત લાયન સભ્યો તેમજ આમંત્રિત મહેમાનોને જમવાની સુવિધા પુરી પાડી હતી.

વાલમ બ્રાહ્મણ જ્ઞાતિના ગં. સ્વરૂપ બહેનો માટે ગંગા સ્વરૂપ માતૃ મીલન સમારોહ યોજાશે

અમદાવાદ, તા. ૧૫

ગાયત્રી પરિવાર યુકે કનકભાઈ વ્યાસ તથા વાલમ બ્રાહ્મણ કેળવણી અને સાંસ્કૃતિક મંડળ દ્વારા વિક્રમ સંવત ૨૦૭૭ મહાસુદ નોમ તા. ૨૧ ફેબ્રુઆરીના દિવસે સવારે ૯ થી ૧૨ કલાકે મહાલક્ષ્મી માતાજીના મંદિર ગુરૂદ્વારા પાસે બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે ઓઢવ અમદાવાદ ખાતે માતાજીના યજ્ઞ તથા ગં.સ્વ. બહેનો દ્વારા મહાલક્ષ્મી માતાજી (શ્રીયંત્ર)નું પુજન તથા સુક્તમપાઠ તથા સમુહમાં માતાજીની આરતી ઉતારવા માટે કાર્યક્રમ યોજાશે. ચુંવાળ પંથકના ભામાશા કુંવરજી ઠાકોર તથા કથાકાર રાજેન્દ્રપ્રસાદ ભટ્ટ ઉપસ્થિત રહેશે.

સરોજિની નાયડુના જન્મ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

૧૩ મી ફેબ્રુઆરી એ સરોજીની નાયડુનો જન્મ દિવસ છે. તેમણે સ્ત્રીઓના હક માટે ઘણા પરિશ્રમ કર્યા હતા, અને કેટલીય ચળવળ ચલાવી હતી તેથી જ ભારતમાં દર વર્ષે આ દિવસ ને ઉંદ્વઠ્ઠહ'જ ઠ્ઠટ્ટઅ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી કરવા માટે ગાંધીનગરમાં આવેલી એસ.એસ.વી શાળાના પ્રાયમરી વિભાગના વિદ્યાર્થીઓએ તેમને અલગ અલગ કાર્ડ બનાવીને તેમને યાદ કર્યા હતા.

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ - ૨૦૨૦-૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
૬૬/૨૦૨૦-૨૧	Comprehensive Operation & Maintenance of Tube Wells (Bores) with all Electrical & Mechanical Equipments & Instruments with civil works In New Added Villages under GMC for One Year.	રૂ. ૩૬૦૦/-	રૂ. ૧,૧૨,૬૬૩/-

ટેન્ડર ફોર્મ તા. ૧૬-૦૨-૨૦૨૧થી તા. ૮-૦૩-૨૦૨૧ સુધી સમય ૧૭.૦૦ કલાક સુધી ઓન લાઈન વેબ સાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનિકલ બીડ્ને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૦૮-૦૩-૨૦૨૧ થી ૧૫-૦૩-૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૧૬-૦૩-૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
માહિતી/૧૯૩૮/૨૦-૨૧ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર